# મોડાસા-બાયડ એસટી ડેપોની બસ પદ્માવત ફિલ્મના વિરોધના પગલે અમદાવાદ જતા તમામ બસોના રૂટ બંધ

મોડાસા, તા. ૨૧

પદ્માવત ફિલ્મને સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૫ જાન્યુઆરીએ રીલિઝને લીલી ઝંડી અપાતા કરણીસેના આકારા પાણી હોવાથી ફિલ્મ રિલીઝના વિવાદના પગલે બે દિવસથી રાજયમાં અનેક વિસ્તારોમાં આંદોલન ઉગ્ર બનતા નિયામક કચેરી દ્વારા સંચાલિત કરવામાં આવે છે ત્યારે રવિવારે સવારે વિભાગીય નિયામક હિંમતનગરની સૂચનાથી મોડાસા અને બાયડ ડેપોથી અમદાવાદ અને મહેસાણા તરફ જતી તમામ બસોના રૂટ અગમચેતીના પગલે બંધ કરાયા હતા. બાયડ અને મોડાસા ડેપોની અમદાવાદ અને તેનાથી આગળ જતા મુસાફરો અટવાઈ પડ્યા હતા અને મુસાફરોને ટિકિટના પેટે લીધેલ રકમનું રિફંડ ચૂકવી દેવામાં આવ્યું હોવાની એસટી વિભાગના સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી. અચાનક અમદાવાદ જતી બસોના રૂટ મોડાસા અને બાયડ એસટી ડેપો



અને કરણીસેના તેમજ વિવિધ રાજપુત સંગઠનોના કાર્યકરો દ્વારા ઠેકઠેકાણે વિરોધ પ્રદર્શનો કરી તોડફોડ કરી કેટલીક એસટી બસોને પણ આગ લગાવવામાં આવતા મોડાસા અને બાયડથી અમદાવાદ તરફ ઉપડતી તમામ બસો બંધ કરવામાં આવતા મુસાફરોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો.

મોડાસા અને બાયડ એસટી ડેપોનો હિંમતનગર વિભાગીય અમુક બસો મહેસાણા ખાતે સ્ટોપ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ મહેસાણામાં પણ ગઈકાલે ત્રણ બસોને આગને હવાલે કરવામાં આવતા મોડાસા અને બાયડ ડેપોની મહેસાણા તરફની બસો હિંમતનગર રોકી દેવામાં આવતા મુસાફરો અટવાયા હતા. મોડાસાથી રવિવારે વહેલી સવારે અમદાવાદ તરફ જતી બસો દહેગામ એસટી ડેપોમાં મૂકી દેવામાં આવી હતી. જેથી દ્વારા બંધ કરતા મુસાફરો રઝડી પડ્યા હતા. બીજીબાજુ એસટી ડેપોના રૂટ બંધ રહેતા ખાનગી વાહનોના ચાલકોને ભારે તડાકો બોલાઈ ગયો હતો અને મુસાફરો પાસેથી મનફાવે તેમ ભાવ લઈ લૂંટ ચલાવી હતી અને ટ્રાફિકના નીતિનિયમોને નેવે મૂકી ઘેટાં-બકરાની જેમ મુસાફરોને ભરી મનમાની ચલાવી હોવાનું મુસાફરોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું.



## પ્રાંતિજ ખાતે પદ્માવત ફિલ્મના વિરોધમાં કરણીસેના દ્વારા રેલી યોજાઈ

ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ સહિત ફિલ્મ પદમાવતનો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ રાજપૂત કરણીસેના વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પદ્માવત ફિલ્મના વિરોધમાં મેદાને ઉતરાયા છે અને પ્રાંતિજ ખાતે રેલી યોજી સિનીમા સ્થળે પહોંચીને સિનિમા માલિકને ફિલ્મ ના ચલાવવા રજુઆત કરી હતી. સંજયલીલા ભણશાળીની પદ્માવત ફિલ્મને લઈને ઠેરઠેર રાજપૂત કરણીસેના દ્વારા વિરોધ થઈ રહ્યો છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ક્ષત્રિયસેના સંગઠન પ્રાંતિજ તથા વિશ્વ હિન્દુ પરિષદ સાથે મળીને ફિલ્મને રિલીઝ ના થવા દેવા સામે દેખાવો કરી ભાંખરીયા બસ સ્ટેશનથી નેશનલ હાઈવે ચાર કિલોમીટર સુધી રેલી યોજી કમાલપુર ખાતે આવેલ સિનીમા ગૃહે જઈને સિનીમા ગૃહના માલિકને પદ્માવત ફિલ્મ નહી ચલાવવા રજુઆત કરી હતી. સિનીમા ગૃહના માલિક દુષ્યતભાઈ પટેલે પણ ફિલ્મ નહી ચલાવવા ખાત્રી આપી હતી. પ્રાંતિજ પીઆઈ એ.આર. ચાવડા પણ તેમની ટીમ સાથે સકલ સિનીમા ખાતે દોડી આવ્યા હતા અને સમગ મામલો ઠારે પાડ્યો હતો. રેલીમાં ક્ષત્રિયસેનાના હિતેન્દ્રસિંહ પરમાર, કરણીસેનાના મહાવીરસિંહ, મહેન્દ્રસિંહ બી. રાઠોડ તથા વિશ્વહિન્દુ પરિષદ પદાઅધિકારીઓ કાર્યકરો સહિત લોકો મોટી સંખ્યામાં જોડાઈ રેલી યોજી સિનીમા ગૃહના માલિકને ફિલ્મ ના ચલાવવા માટે અલ્ટીમેટમ આપ્યું હતું.

# ઉત્તર ગુજરાતની આઠથી વધુ સરકારી બસોનુ નુકશાન થવાથી રૂટ બંધ કરાયા

મહેસાણા, તા. ૨૧

મહેસાણા સહિત ઉત્તર ગુજરાતમાં પદ્માવત ફિલ્મને લઈને રાજપૂત સમાજમાં ભારે અગ્નિ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઠેર ઠેર રોષને પગલે ઉત્તર ગુજરાતની ૮ થી વધુ સરકારી બસોનું નુકશાન થવાથી હાલમાં બસ રૂટ બંધ કરવામાં આવ્યા છે. જેને લીધે મુસાફરોને ભારે મુશ્કેલીનોસામનો કરવો પડશે.

મહેસાણા સહિત ઉત્તર ગુજરાતના તમામ જિલ્લામાં પદ્માવત ફિલ્મનો વિરોધ સામે આવ્યો છે. જે મામલે હાલમાં રાજપૂત સમાજે પોતાના વિવિધ સંગઠનો દ્વારા પોતાનો રોષ સરકારી વાહન પર ઠાલવ્યો છે. જેમાં મહેસાણા વિભાગની તમામ ડેપોની બસોના રૂટ સલામતીના હેતુસર સરકારીતંત્રએ રદ કરી દીધા છે. મહેસાણા વિભાગીય કચેરીના



૧૧ ડેપોના તમામ રૂટ હાલમાં રદ કરવામાં આવ્યા છે અને બસોને બસ સ્ટેન્ડમાં મુકવામાં આવી છે. જેમાં મહેસાણા, વિસનગર, વડનગર, ખેરાલુ, ઊંઝા, પાટણ, હારીજ, ચાણસ્મા, બેચરાજી, કડી, કલોલ, સહિતના ડેપોનો સમાવેશ થવા જાય છે. છેલ્લા ૧૧ કલાક સુધી અંદાજિત ૧૩૦૦થી વધુ ટ્રીપો રદ કરાતા હાલમાં મુસાફરોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જેને લઈને મહેસાણા વિભાગ ખાતે કંટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવેલો છે. જ્યારે ગત ૨૪ કલાકમાં કડી નજીક ૧, લોદરા નજીક ૩, બાલવા ૨, મેઉ ૨ એમ બસોને આગ ચાંપવામાં આવી છે. જેમાં કુલ ૮ બસો સળગી છે. જેનું નુકશાન લાખોમાં થવા જાય છે. તમામ ઘટના મામલે જુદા જુદા પોલીસ મથકમાં ફરિયાદ ટોળા સામે કરી દેવાઈ છે. નવાઈની વાત તો એ છે કે ૨૬ જાન્યુઆરીએ મહેસાણા રાજયકક્ષાના કાર્યક્રમ મામલે મહેસાણાની ૧૧ બસો, ૧ પાટણ, ૩ ઊંઝાની બસો પોલીસ પ્રોટેક્શન સાથે પોલીસ પરેડ ગ્રાઉન્ડ મહેસાણામાં ખેલાડીઓને લઈ જવા મુકવામાં આવી હતી.



## અમદાવાદ વિમાની મથકે રાષ્ટ્રપતિશ્રીનું ઉષ્માભર્યુ સ્વાગત

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસીય મુલાકાતે અમદાવાદ વિમાની મથકે આવી પહોંચતા રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પુષ્પગુચ્છથી તેમનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતું. રાષ્ટ્રપતિશ્રીના ધર્મપત્ની પણ આ પ્રવાસમાં તેમની સાથે જોડાયા છે. રાષ્ટ્રપતિશ્રી ભારતીય વાયુસેનાના ખાસ વિમાનમાં અમદાવાદ વિમાની મથકે આવી પહોંચ્યા ત્યારે વિમાની મથકે ગૃહ રાજ્યમંત્રી અને પ્રોટોકોલમંત્રી પ્રદિપસિંહ જાડેજા તથા મેયર ગૌતમભાઈ શાહે પણ રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત કરી આવકાર્યા હતા.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવી દૃષ્ટિ સાથે જોમ અને જુસ્સાથી આવી રહી છે..! શાનમાં સમજી અને બદલાવ લાવો નહિ તો લાત મારીને બદલાવ લાવવાની સ્થિતિ આવશે..!" "તમે તો ક્યાં ના ક્યાં પહોંચી ગયા..? શું વાત કરતા'તા..?! કેવી નાની અમથી વાત હતી..?!" "સાહેબ વાત નાની હોય કે મોટી હોય... એમની હોય કે તેમની હોય..! પણ મુળભુત વિચાર નહિ બદલાય... વ્યવસ્થા નહિ બદલાય ત્યાં સુધી વ્યક્તિઓ બદલવાનો કોઈ અર્થ નથી..! વિચાર-વ્યક્તિ અને વ્યવસ્થા બદલવાનો પડકાર આંગણે ઉભો છે..! પોંખી લઈએ..!!" - **નિમિત્ત માત્ર**

### તાકીદ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગ્રહ કર્યો હતો તેમજ શુ ત્રુટીઓ તેના અમલીકરણમાં રહી છે તેની સમીક્ષા સાથે આગળની કાર્યવાહી કરવી જોઈએ તેમ જણાવ્યુ હતુ.

સરદાર આવાસ યોજનાના સ્પીલ ઓવર થતા કામો તેની સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા માટે ખાસ આગ્રહ રાખ્યો હતો. જે આવાસ યોજનાના ફાળવણી રદ કરવા પાત્ર હોય તો તે અંગે પણ જરૂરી દરખાસ્ત મોકલી આપવા જણાવ્યું હતું. ગ્રામ પંચાયતોના રિપેરીંગની કામગીરી તેમજ નવા પંચાયત ઘર બનાવવામાં પણ સમય-મર્યાદાનું પાલન કરવા માટેનો આગ્રહ જિલ્લા વિકાસ અધિકારીએ આ બેઠકમાં કર્યો હતો. આ બેઠકમાં ચારેય તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓ ઉપરાંત બન્ને નાયબ જિલ્લા વિકાસ અધિકારી બી.કે. પટેલ તથા સુશ્રી મનીષાબેન પટેલ, ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેક્ટર બ્રહ્મભટ્ટ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વિચિત્ર મિજાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એ પહોંચતા ઓફિસ અને ઘરોમાં એ સી પંખો ચાલુ રાખવાની ફરજ પડે છે. આ મોસમના બદલાતા મિજાજ વચ્ચે બેવડી ઋતુ અનુભવતા નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. આજે લઘુત્તમ તાપમાન ૧૪ ડી ગ્રી અને મહત્તમ તાપમાન ૩૦ ડી ગ્રી રહયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણ ડી ગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. અચાનક જ આજે ઠંડીનુ પ્રમાણ નોંધપાત્ર ઘટયુ હતુ.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

દાવાવાળી જમીન ઉપરના વાદીના માલીકી હક્કની કબુલાત કરી નહોતી તેથી વિરૂધ્ધ કબજાનો મુદ્દો અમારા મતે વાદીની વિરૂધ્ધ પ્રતિવાદીની વિનંતી ઉપર સફળતાપૂર્વક ચલાવી શકયો ન હોત તે ઉપરાંત પ્રતિવાદીએ મીલ્કતમાં માલીકી હક્કનો દાવો કર્યો હોય તેમજ આ આધાર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેવો વિરૂધ્ધ કબજા હક્કે વાદીની વિરૂધ્ધ ટાઈટલ સંપાદિત કરવાનો દાવો કરવા હક્કદાર ન હોતા.

મુસ્લીમ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંતએ છે કે મુસ્લીમ કાયદો દત્તક વિધાનને માન્યતા આપતો નથી સુપ્રિમ કોર્ટે હાલની અપીલ મંજુર રાખી હાઈકોર્ટનો ચુકાદો રદબાતલ ઠરાવેલ અને ટ્રાયલ કોર્ટના ચુકાદાને પુનઃ સ્થાપિત કરવામાં આવેલ.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

વિસ્તારમાં આવેલા વિજયસ્તંભ પર આવીને દલિત-દલિતેતર પોતાના પૂર્વજોની સ્વાભિમાન ખાતર શહીદી અને શૌર્યને વંદન કરે છે. આ વર્ષે એ સ્મૃતિદિનનાં ૨૦૦ વર્ષની ઉજવણી માટે હજારોને બદલે લાખો શ્રદ્ધાળુ આવ્યા. કેટલાકે શૌર્ય દિનની ઉજવણીનો વિરોધ કર્યો અને કેટલીક અથડામણોની કમનસીબ ઘટના બની. સંકેત એવા મળે છે કે આ સ્મારકની મહાર સમાજના ટ્રસ્ટને અધીન વિશાળ જમીન હસ્તગત કરવા અમુક તત્વોએ વિવાદને જન્મ આપ્યો. જોકે શનિવારવાડા પર જે સભા થઈ એમાં કોઈ હિંસક અથડામણ સર્જાઈ નહોતી, પણ મેવાણી સહિતનાએ પોતાની નેતાગીરી ચમકાવવા એ સભાનો ઉપયોગ જરૂર કર્યો.

**દલિતોની એકતામાં ફાચર મારતા શરદ પવાર**

સ્વતંત્ર ભારતની પ્રથમ નેહરુ સરકારમાં ગાંધીજીના આગ્રહથી ડૉ. આંબેડકરને કાયદા પ્રધાન બનાવાયા. એમણે બંધારણ સભા અને સરકારમાં મહામૂલું યોગદાન કર્યું તો ખરું, પણ છેવટે રાજીનામું આપીને વિપક્ષની પાટલીએ બેઠા. ડૉ. આંબેડકરના સ્વપ્નની રિપબ્લિકન પાર્ટી સ્થાપવાની કલ્પના ૧૯૫૬માં એમના મૃત્યુ પછી છેક ૩ ઓક્ટોબર ૧૯૫૭ના રોજ મુંબઈમાં સાકાર થઈ.મહારાષ્ટ્રમાં રિપબ્લિકન પાર્ટી સમયાંતરે અલગ અલગ ફિરકાઓમાં વિભાજીત થતી રહી. દલિત અને મુસ્લિમોની એકતાનો પ્રયાસ સતત થતો રહ્યો, પણ એ ય દેડકાંની પાંચ શેરી જેવો જ ખેલ રહ્યો. દલિત નેતા કાંશીરામ થકી બહુજન પાર્ટી સ્થાપવામાં આવી, પણ એનાં માયાવતી મુખ્ય પ્રધાન થવા માટે ભાજપ અને મુલાયમની સમાજવાદી પાર્ટી સાથે સમજૂતી કરતાં રહ્યાં. વચ્ચે

આભાર - નિહારીકા રવિયા નામચીન દાણચોર હાજી મસ્તાને પણ દલિત-મુસ્લિમ એકતાના નારા સાથે પક્ષ સ્થાપીને મુંબઈમાં શિવસેના સાથે ગોઠવણ કરી જોઈ. શિવસેનાને મેયરપદ માટે મસ્તાન પાર્ટીના પાંચ નગરસેવકોનો ટેકો મળતો રહ્યો. ૧૯૮૪માં ભાજપ અને શિવસેનાની યુતિ થઈ એ પહેલાં અને પછી કોંગ્રેસ અને વિપક્ષ વચ્ચે દલિતોને પોતાને પડખે લેવાની સ્પર્ધા ચાલતી રહી.

૧૯૮૯માં મહારાષ્ટ્રમાં દલિતોના વિવિધ ફિરકાઓની રાજકીય એકતા વડા પ્રધાન વી. પી. સિંહ થકી રાજ્યસભે મોકલાયેલા ડૉ. આંબેડકરના પૌત્ર એડવોકેટ પ્રકાશ ઉર્ફે બાળાસાહેબ આંબેડકરના પ્રયાસોથી સધાઈ તો ખરી, પણ કોંગ્રેસી મુખ્ય પ્રધાન શરદ પવારે રામદાસ આઠવલેને પ્રધાનપદ આપી એમાં ફાચર મારી. ફરીને ૧૯૯૫માં દલિતોનું ઐક્ય જોવા મળ્યું, પણ અહીં ફરી પવાર આઠવલેને ઉપાડી ગયા. આજે આ જ આઠવલે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકારમાં રાજ્ય પ્રધાન છે. બિહારના દલિત નેતા રામવિલાસ પાસવાન પણ અગાઉ કોંગ્રેસ સાથે ઘર માંડીને કેન્દ્રમાં પ્રધાન હતા, આજે ભાજપ સાથે ઘર માંડીને મોદી સરકારમાં પ્રધાન છે. વર્તમાન સંજોગોમાં દલિતોની ૨૨ ટકા જેટલી વોટબેંક અંકે કરવા માટે, અનામત પ્રથા અપાવીને દલિતો અને પછાતોનું કલ્યાણ કરનાર ડૉ. આંબેડકરનું નામ લેવાનું તમામ પક્ષો પસંદ કરે છે, પણ દલિતો ઠેરના ઠેર હોવાનો માહોલ છે. હજુ પ્રકાશ આંબેડકર દલિત રાજકીય એકતા માટે પ્રયત્નશીલ છે. એમણે મેવાણીને વિજયી બનાવવા સમર્થન આપવાનું પણ પસંદ કરેલું, પણ તાજા ઘટનાક્રમમાં મેવાણીના અટકચાળામાં એમને નરી બાલિશતા અનુભવાતાં એની ટીકા કરવાનું પણ એ ચૂક્યા નથી.માત્ર વિવાદાસ્પદ નિવેદનો કરવાથી રાષ્ટ્રીય નેતા ના થઈ જવાય અને પોતાનું ગજું મોટું કરવા માટે સમાજમાં નક્કર યોગદાન કરવા જેટલી પરિપક્વતા કેળવવી પડે એ વાતને મેવાણીએ ગૂંજે બાંધવાની જરૂર ખરી.

ઈ-મેઈલ : haridesai@gmail.com

### ગેરલાયક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોદ્દા જાળવ્યા હતા. ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા બાદ ૬૭ સીટોની બમ્પર બહુમતિ ધરાવનાર કેજરીવાલ સરકાર અકબંધ રહેશે. ચૂંટણી પંચે આમ આદમી પાર્ટીના ૨૧ ધારાસભ્યોને લાભના હોદ્દાના મામલામાં અગાઉ કારણદર્શક નોટિસ જારી કરી હતી. આ મામલામાં પહેલા ૨૧ ધારાસભ્યોની સંખ્યા હતી પરંતુ જર્નેલસિંહ પહેલાથી જ રાજીનામુ આપી ચુક્યા છે. દિલ્હી સરકારે માર્ચ ૨૦૧૫માં આમ આદમી પાર્ટીના ૨૧ ધારાસભ્યોને સંસદીય સચિવ બનાવી દીધા હતા. આને લઈને મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપ અને કોંગ્રેસે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

### ગોળીબારથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જગવાલમાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. આ ચાર મોર્ટાર ચોકીઓ ઉપરથી પાકિસ્તાનના જવાનો ગોળીબાર કરી રહ્યા હતા. સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે, ભારે નુકસાન ભારતની કાર્યવાહીમાં તેમને થયું છે. પાકિસ્તાનના પક્ષે ૨૦થી ૨૫ લોકોના મોત થયા હોવાના બિનસત્તાવાર અહેવાલ મળી રહ્યા છે. એમઓએસ જીતેન્દ્રસિંહે યુદ્ધવિરામના ભંગમાં ઘાયલ થયેલા લોકો સાથે વાતચીત કર્યા બાદ કહ્યું હતું કે, ઘાયલોને સારવાર આપવામાં આવી રહી છે. પાકિસ્તાની જવાનો વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરીને અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવી રહ્યા છે. બીજી બાજુ ભારત તરફથી જોરદાર જવાબી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન હચમચી ઉઠ્યું છે.

### આતંકી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહેવા મુજબ, આતંકીઓએ લોન્જમાં આવીને અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જેમાં આશે ૧૫ લોકોનાં મોત થયા છે. એએફપીના રિપોર્ટ મુજબ આ હુમલામાં ૬ ઘાયલ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે અને ૩ હુમલાખોર મરી ચૂકયા છે. તાલિબાને આ આતંકી હુમલાની જવાબદારી લીધી છે. અફઘાન ગૃહ મંત્રાલય એ આ આતંકી હુમલાની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે હોટલની અંદર સુરક્ષાબળો અને આતંકીઓની વચ્ચે અથડામણ ચાલુ છે.

### લાહીની હોળી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોન્સ્ટેબલોની પાસિંગ આઉટ પરેડમાં ભાગ લેતા કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ ખુબ જ તંગ બનેલી છે. સરહદ ઉપર હાલત કફોડી બનેલી છે. ખૂની હોળી રમાઈ રહી છે. વડાપ્રધાન કહે છે કે, દેશને વિકાસના માર્ગ ઉપર લઈ જવાની જરૂર છે પરંતુ અમારા રાજ્યમાં ઉંધી વાત થઈ રહી છે. મિત્રતા માટે આગળ વધવા માટે મહેબુબાએ અપીલ કરી છે. ગુરુવારથી પાકિસ્તાને અવિરત ગોળીબાર જારી રાખ્યો છે. હજુ સુધી પાકિસ્તાન તરફથી કરાયેલા ગોળીબારમાં ૧૧ લોકોના મોત થઈ ચુક્યા છે જેમાં બીએસએફ અને સેનાના પાંચ જવાનોનો સમાવેશ થાય છે. જમ્મુ કાશ્મીર પોલીસના અધિકારીઓના કહેવા મુજબ આરએસપુરા સુધી પાકિસ્તાની રેન્જર્સ દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. સેનાની ચોકીઓને પણ ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરાયો છે.

### કંપનીમાં બ્લાસ્ટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આગ લાગવાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ૩ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે આ આગ એટલી વિકરાળ હતી કાબૂમાં લેવી મુશ્કેલ પડી રહી હતી. જેથી વડોદરા ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી. પોણા બે કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી.

વડોદરા શહેર નજીક નંદેસરી જીઆઈડીસીમાં જીએસપી કંપની આવેલી છે. આ કંપનીના એજીટેટેડ લુબ્રીકેટ ફિલ્ટર પ્લાન્ટમાં વહેલી સવારે ૫:૪૦ વાગ્યે બ્લાસ્ટ થયો હતો. જેને કારણે પ્લાન્ટમાં ભિષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી ભીષણ હતી કે, કંપનીના આજુબાજુના બે પ્લાન્ટને પણ અસર થઈ હતી. જેથી મેજર કોલ જાહેર કરાયો હતો. ઘટનાની જાણ થતાં જ નંદેસરી અને જીએસએફસીના ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પરંતુ આ વિકરાળ હતી કાબૂમાં લેવી મુશ્કેલ પડી રહી હતી. જેથી વડોદરા ફાયરબ્રિગેડની મદદ લેવાઈ હતી. આગની આ ઘટનામાં ચાર કર્મચારીના મોત થયા હતા. જ્યારે સાવચેતીના ભાગરૂપે આજુબાજુની કંપનીઓને પણ બંધ કરાવવામાં આવી હતી અને કર્મચારીઓને સલામત સ્થળે ખસેડી દેવાયા હતા. આગ પ્રચંડ હોવાથી ફાયર સેફટી સિસ્ટમ કામ લાગી ન હતી. અને પોણા બે કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી.



**લઘુમતી જાતિઓ માટેની ભારત સરકારની 'પ્રિ.મેટ્રિક', 'પોસ્ટ મેટ્રિક' અને 'મેરીટ કમ મીન્સ' શિષ્યવૃત્તિ યોજના માટે કોમ્પ્યુટર પ્રોગ્રામર, આસીસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામર તથા કોમ્પ્યુટર ઓપરેટર કમ કલાર્કની કરાર આધારિત જગ્યા ભરવા અંગેની જાહેરાત**

ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી દ્વારા લઘુમતી જાતિના વિદ્યાર્થીઓ માટેની શૈક્ષણિક યોજનાઓના અમલ માટે નીચે જણાવ્યા મુજબની જગ્યા પર ૧૧ માસના કરાર આધારિત - (એટહોક ધોરણે) ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના બાયોડેટા તેમજ જે તે લાયકાતોના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે તા. ૩/૨/૨૦૧૮ સુધીમાં નીચે મુજબના નમુનામાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં. ૪, ઉજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને મળી રહે તે મુજબ રજીસ્ટર એ.ડી.થી અરજી કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફીક્સ મહેનતાણું | જરૂરી શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૩ | રૂ. ૨૨,૦૦૦/- ફીક્સ | એમ.સી.એ., બી.સી.એ., બી.એસ.સી. (કોમ્પ્યુટર સાયન્સ) અથવા એમ.એસ.સી. (કોમ્પ્યુટર સાયન્સ) કોમ્પ્યુટર પ્રોગ્રામર અને Live Project execution / Software Project Operations and maintenanceનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ |
| ૨ | આસીસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામર | ૧ | રૂ. ૧૫,૦૦૦/- ફીક્સ | બી.સી.એ., બી.એસ.સી. (કોમ્પ્યુટર સાયન્સ) આસી. કોમ્પ્યુટર પ્રોગ્રામર બી.સી.એ. અથવા ડીપ્લોમા કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન સાથેનો ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ. |
| ૩. | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨ | રૂ. ૧૨,૦૦૦/- | સ્નાતક (મુખ્ય વિષય અંગ્રેજી) ફસ્ટ કલાસ અને કોમ્પ્યુટર ઓપરેટીંગ તરીકેનો બે વર્ષનો અનુભવ અથવા બી.સી.એ. અથવા ડીપ્લોમા કોમ્પ્યુટર એન્જીનીયરીંગ સાથે કોમ્પ્યુટર ઓપરેટર તરીકેના ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ. |

**શરતો :**

૧. તા. ૨૮/૨/૨૦૧૮ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ.
૨. આ જગ્યાઓ તદ્દન એડહોક ધોરણે કરાર આધારીત ભરવાની હોઈ કરારનો સમય પૂર્ણ થયે આપોઆપ કરારની મુદત પૂર્ણ થયેલી ગણાશે.
૩. આ જગ્યાઓ તદ્દન એડહોક ધોરણે કરાર આધારીત ભરવાની હોઈ નોકરીમાં ચાલુ રાખવા માટે કોઈપણ કાયદાકીય રક્ષણ મેળવી શકાશે નહી.
૪. આ જગ્યાઓ તદ્દન એડહોક ધોરણે કરાર આધારીત ભરવાની હોઈ ભરતી રદ કરવાની સંપૂર્ણ સત્તા સત્તાધિકારીશ્રીની રહેશે. જે સામે કોઈ અપીલ કે કાયદાકીય હક્કદાવો કરી શકાશે નહી.
૫. ઉમેદવારની પસંદગી થયેથી પસંદગી પામનાર ઉમેદવારે સરકારશ્રી દ્વારા જણાવવામાં આવે તે મુજબની બાહેંધરી આપવાની રહેશે.
૬. અધુરી અને અસ્પષ્ટ વિગતોવાળી અરજીઓ દફતરે કરવામાં આવશે.
૭. તમામ જગ્યાઓ માટે અંગ્રેજી ભાષામાં સ્વતંત્ર રીતે પત્રવ્યવહાર કરી શકે તે ઈચ્છનીય છે.

(કે.જી. વણઝારા)
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**કોમ્પ્યુટર પ્રોગ્રામર, આસીસ્ટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામર તથા કોમ્પ્યુટર ઓપરેટર કમ કલાર્ક માટેની અરજી**

**પ્રતિ,**
**નિયામકશ્રી,**
**વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,**
**બ્લોક નં. ૪/૩, ડો. જીવરાજ મહેતા ભવન,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો

૧. નામ (અટક પ્રથમ લખવી) :- ..................................
૨. સરનામું (ટેલીફોન નંબર સાથે) :- ..................................
૩. કઈ જગ્યા માટે :- ..................................
૪. જાતિ :- ..................................
૫. જન્મ તારીખ :- .................... ઉંમર વર્ષ : .............. માસ : ..................
૬. શૈક્ષણિક લાયકાત :- ..................................
૭. અનુભવ (સક્ષમ અધિકારીનું સર્ટી રજૂ કરવું. :- ..................................

સ્થળ :..................................
તારીખ : .................................. (ઉમેદવારનું નામ અને સહી)